[4]

Seat No. __________

# SARDAR PATEL UNIVERSITY

T.Y.B.A. (Semester-v) Examination – (On Demand)
Monday, 11th July, 2022
10:00 AM to 12.00 PM
UA05CGLT14 : Core Corse(Gujarati)
અપઠિત(Unseen)

કુલ ગુણ : ૭૦

નોંધ : જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

પ્રશ્ન – ૧ 'અ' અને 'બ' વિભાગમાં સૂચના પ્રમાણે લખો. ૨૦

અ. નીચેનામાંથી કોઈપણ બે વિચાર વિસ્તાર સમજાવો.

(૧) જે કર ઝુલાવે પારણું, તે જગત પર શાસન કરે.

(૨) મોટાં નાનાં વધુ મોટામાં, તો નાનાં પણ મોટાં;
વ્યોમ-દીપ રવિ નભબિંદુ, તો ઘરદીવડા શા ખોટા ?

(૩) એકલ દેતા દાન જે, એકલ ઝૂઝતા જંગ
એકલ જગ નિન્દા સહે, એ મરદોને રંગ.

(૪) સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.

બ. નીચેના પરિચ્છેદનો ૧/૩ ભાગમાં સંક્ષેપ લેખન કરો. ૨૦

"વિકલાંગ માણસ જગતને ભારરૂપ છે એવી લાગણી અર્થહીન છે. જોવા જઇએ તો અસંખ્ય માણસો ભારરૂપ જડશે જે કેવળ પરોપજીવી જ નહિ, સમાજદ્રોહી પણ હોય છે. અપંગ વ્યક્તિની નિષ્ઠા અને સંકલ્પ શક્તિ હોય અને તેને યોગ્ય દોરવણી મળે તો સતત પુરુષાર્થ વડે તે સમાજની ઉત્તમ સેવા કરી શકે. અપંગની સેવા દ્વારા આપણા ઘણા સામાજિક ગુણો વિકસે છે. જીવન વિશેની આપણી સમજ વ્યાપક અને ઉદાર થાય છે. માનવતાની સામાજિક જીવનની આ કેળવણી તત્વત: ધાર્મિક કેળવણી છે. ધાર્મિક ગ્રંથિઓ અને પૂર્વગ્રહો ઓગળે છે. માનવતાના અભ્યાસથી આપણે વધારે સારા દેશ જન થઇ શકીશું. જે બીજાનાં દુખો જોતો નથી, જે બીજાની આરત સાંભળતો નથી, જે સંકટ ગ્રસ્તોની મદદે જતો નથી. તે જ અપંગ છે." - વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

અથવા



(P.T.O.)

કલા સર્જનના હેતુઓ અનેક ગણવામાં આવે છે. કોઈ કહે છે કે નિજાનંદમાં મસ્ત કલાકાર મનની વાત મનમાં સમાવી શકતો નથી. એ ઊભરાય છે અને જગતને કલાકૃતિ મળે છે. બીજા કહે છે જગતની પણ કલાકારને પડી નથી. એ તો માત્ર પોતાના આત્માના આવિષ્કાર માટે જ મથે છે. તો વળી અમુક પક્ષને આવિષ્કરણ કરતાં આત્મગોપન જ કલાનો હેતુ લાગે છે. તેઓ કહેશે છે કે વિશ્વની રચના કરીને રચનારો તેની પાછળ છુપાઈ ગયો છે તેમ જ શેકસપિયર કે કાલિદાસે પોતાની કાવ્યસૃષ્ટિની પાછળ છુપાઈ જવાનો ઉપક્રમ રાખ્યો હશે. બીજો પક્ષ તેથી પણ આગળ જઈ આત્મવિસ્મરણને કલાનો હેતુ માને છે. નિજને છુપાવવાનો જ કલાકારનો પ્રયત્ન હોતો નથી. પોતાને ભૂલી જવા એ મથતો હોય છે. અરે તેથી પણ વિશેષ એની ઇચ્છા હોય છે, એમ કેટલાકો પ્રતિપાદન કરે છે અને કહે છે કે કલાકાર આત્મલોપન ઇચ્છતો હોય છે. પોતાની જાતને, નિજી વ્યક્તિત્વની મર્યાદાઓ ભૂંસી નાખવા એ કલા દ્વારા વલખાં મારતો હોય છે. પણ સામેથી બીજાઓ તદ્દન ઊલટી જ વસ્તુ ઠોકી ઠોકીને કહેવા માગે છે. કલાકાર નિજી વ્યક્તિત્વને ભૂંસી નાખવા તે શેનો માગે ? ઊલટો એ આત્મવિસ્તાર-આત્મવડાઈ વાંછે છે અને કદાચ આ બધા વાદોથી કંટાળીને જ તો 'કલા ખાતર કલા' કહેનાર વર્ગ અસ્તિત્વમાં આવ્યો નહિ હોય ?

- ઉમાશંકર

પ્રશ્ન – ૨ નીચે આપેલા 'અ' અને 'બ' વિભાગમાંથી ત્રણ-ત્રણ સમજાવો. ૩૦

અ. નીચે આપેલા છંદનું બંધારણ અને ઉદાહરણ આપી સમજાવો.

(૧) હરિણી (૨) હરિગીત છંદ (3) સોરઠો

(૪) દોહરો છંદ (૫) પૃથ્વી છંદ (૬) મંદાક્રાન્તા છંદ

બ. નીચે આપેલા અલંકારની વ્યાખ્યા અને ઉદાહરણ આપી સમજાવો.

(૧) વર્ણસગાઈ (૨) દ્રષ્ટાંત (૩) અપહ્નુતિ

(૪) ઉપમા (૫) પ્રાસાનુપ્રાસ કે અંત્યાનુપ્રાસ (૬) ઉત્પ્રેક્ષા

——— x ———